(1) રૂદ્રમ મિસાઈલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એન્ટિ–ટેંક મિસાઈલ છે.
(2) તેની રચના DRDO દ્વારા કરવામાં આવી છે.
(3) આ એક ગ્રાઉન્ડ ટુ ગ્રાઉન્ડ મિસાઈલ છે.
(4) મિસાઈલની સ્ટ્રાઈક રેંજ 30 km છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ભારતે રૂદ્રમ મિસાઈલનું સફળ પરીક્ષણ સુખોઈ-30 ફાઈટર જહાજમાંથી કરેલું છે.

⇛ આ એક એન્ટિ–રેડીએશન મિસાઈલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ મિસાઈલની બનાવટ DRDO દ્વારા કરવામાં આવેલી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મિસાઈલ દુશ્મનોની સર્વેલન્સ રડાર તથા ટ્રેકીંગ–કમ્યુનીકેશન સિસ્ટમને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે.

⇛ આ એક એર ટુ ગ્રાઉન્ડ મિસાઈલ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ મિસાઈલની સ્ટ્રાઈક રેંજ 100થી 150 km જેટલી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) વર્લ્ડ ફુડ પ્રોગ્રામ (WFP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેની સ્થાપના 1945માં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા કરવામાં આવી હતી.
(2) તે વિશ્વની સૌથી મોટી માનવતાવાદી સંસ્થા છે.
(3) પર્ચેસ ફોર પ્રોગ્રેસ (P4P) નામનો પ્રોજેક્ટ આ સંસ્થાનો છે.
(4) વર્ષ 2020નો નોબેલ શાંતિ પુરસ્કાર WFPને મળેલો છે.

(A) માત્ર (1), (2) અને (3)    (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)    (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ ફુડ પ્રોગ્રામ (WFP)ને વર્ષ 2020 માટેનો નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત થયેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સંસ્થાની શરૂઆત 1963માં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમનો ઉદ્દેશ વિશ્વમાં ભૂખમરાના પ્રશ્નને ઉકેલવાનો અને ખાદ્ય સુરક્ષા પ્રદાન કરવાનો છે.

⇛ તે વિશ્વની સૌથી મોટી માનવતાવાદી સંસ્થા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્ષ 2018માં WFP દ્વારા પર્ચેસ ફોર પ્રોગ્રેસ (P4P) નામનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ નાના ખેડૂતોની મદદ માટેનો હતો તથા તે મુખ્યત્વે આફ્રિકાના દેશોમાં કેન્દ્રિત હતો. (આથી, વિધન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે.
(2) રિપોર્ટમાં દક્ષિણ એશિયાના 10 દેશોનો સમાવેશ કરવામાં આવે છે.
(3) વર્ષ 2020ના રિપોર્ટનું શિર્ષક 'સર્વાઈવીંગ ઈન અ પેન્ડેમીક' છે.
(4) આશરે 5.5 મિલિયન બાળકો શાળાનો ત્યાગ કરશે તેમ આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (3), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ બેંકે તેનો દ્વિવાર્ષીક રિપોર્ટ 'સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ' બહાર પાડયો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રિપોર્ટનું શિર્ષક **Beaten or Broke ? Informality and COVID-19'** છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ રિપોર્ટમાં દક્ષિણ એશિયાના નીચેના 8 દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- ભારત
- પાકિસ્તાન
- નેપાળ
- ભૂતાન
- અફઘાનિસ્તાન
- માલદીવ્સ
- શ્રીલંકા
- બાંગ્લાદેશ

(આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ રિપોર્ટ મુજબ, દક્ષિણ એશિયાના 5.5 મિલિયન વિદ્યાર્થીઓ શાળાઓનો ત્યાગ કરશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) કમીટમેન્ટ ટુ રિડયુસીંગ ઈનઈક્વાલીટી (CRI) ઈન્ડેક્ષ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ ઓકસફામ (Oxfam) નામની સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) રિપોર્ટ મુજબ, ભારતનું આરોગ્ય ક્ષેત્રનું બજેટ વિશ્વમાં આ ક્ષેત્રના સૌથી ઓછા બજેટમાં ચોથા ક્રમે છે.

(3) આ ઈન્ડેક્ષમાં 158 દેશોમાં ભારતનો 129મો ક્રમે છે.

(4) 158માંથી માત્ર 26 દેશોએ 15% કરતાં વધુ બજેટ આરોગ્ય ક્ષેત્રે ફાળવ્યું છે.

(A) આપેલ તમામ (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ ઓકસફામ સંસ્થા દ્વારા તેનો CRI ઈન્ડેક્ષ રિપોર્ટ તાજેતરમાં રજૂ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ, ભારતે વર્તમાન મહામારી દરમિયાન પણ પોતાના બજેટના માત્ર 4% ખર્ચ આરોગ્યક્ષેત્રે કરેલો છે. આ ખર્ચ આરોગ્યક્ષેત્રના સૌથી ઓછા ફાળવેલા ખર્ચમાં વિશ્વમાં ચોથા ક્રમે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ ઈન્ડેક્ષમાં ભારતે 158 દેશોમાંથી 129મો ક્રમ મેળવેલો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ, માત્ર 26 દેશો જ પોતાના બજેટનો 15% કે તેથી વધુ ખર્ચ આરોગ્ય ક્ષેત્રે કરી રહયા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ, માત્ર 53 દેશોમાં જ બેરોજગારી અને બિમારી સમક્ષનું સામાજિક સુરક્ષા કવચ ઉપલબ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ (ઈન્ટરનેશનલ ગર્લ ચાઈલ્ડ ડે) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ દિવસ 11 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

(2) આ વર્ષે આ દિવસની થીમ 'My Voice, Our Equal Future' હતી.

(3) વિશ્વમાં દર વર્ષે 48 મિલિયન બાળકીના બાલવિવાહ કરાવવામાં આવે છે.

(A) માત્ર (1)　　(B) માત્ર (1) અને (2)

(C) માત્ર (2) અને (3)　　(D) માત્ર (1) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ દર વર્ષે 11 ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ વર્ષે આ દિવસની થીમ 'My Voice, Our Equal Future' હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ બાલિકાઓ સમક્ષના કેટલાંક વૈશ્વિક પ્રશ્નો :

- **બાલવિવાહ :** દર વર્ષે 18 વર્ષથી નીચેની 12 મિલિયન બાલિકાઓના બાળવિવાહ કરાવવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- **જાતિય હિંસા :** વિશ્વમાં દર 5 પૈકી એક બાલિકા જીતય હિંસા (Sexual Violence)નો શિકાર બને છે.
- **અન્ય સમસ્યાઓ :** HIV ચેપ, બાળમૃત્યુ, જાતિય ભેદભાવ વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot